
# ‘સંશય’નું સત્ય શોધવા પ્રયાસ કરતી રેશનલ કવિતા-વાર્તાઓ







જેને સમગ્ર જનસમુદાય અને ખાસ કરીને સત્તા ઉપર આસીન બળવાન લોકો ખોટો કહેતા હોય એના પક્ષમાં ઊભા રહીને એના વિચારોનું સમર્થન કરી એના વતી અગત્યની ગવાહી પૂરી પાડવી એ એક સત્યાન્પંથી સર્જકનું ઐતિહાસિક કામ છે.

પ્રાચીન કાળમાં ભારતીય ચિંતક ચાર્વાકથી શરૂ કરીને આધુનિક કાળના વિશ્વમાનવ કાર્લ માર્ક્સ, ફ્રેડરિક એંગલ્સ અને લેનિન સુધી ભૌતિકવાદી ચિંતનની એક સ્વસ્થ પરંપરા રહી છે. ભૌતિકવાદના આ પ્રણેતાઓ કે જન્મદાતાઓ નથી પમ તેમણે ભૌતિકવાદી ચિંતન ઉપરથી ધૂળના જાડા થરને સાફ કરવાનું કામ કર્યું છે. આમ જુઓ તો ભૌતિકવાદી ચિંતન માનવજાતિ જેટલું જ પ્રાચીન છે. ભગવદ્‌ગીતામાં ‘સંશયાત્મા વિનશ્યતિ’ કહીને કૃષ્ણે વેદ અને બ્રાહ્મણોનું સમર્થન કર્યું છે. હકીકત તો એ છે કે નાશ તો સૌનો થાય છે. ઉલટાનું શ્રદ્ધા રાખનારનો નાશ જલદી થાય છે. કારણ કે શ્રદ્ધા એક ઠહેરાવ છે, મૃત્યુ છે. સંશયમાં જ ગતિ છે અને જીવન છે.

સંશયના આ સત્યને સમજેલા કવિ-લેખક પ્રવીણ ગઢવી એક પુસ્તકમાં કેટલીક કવિતાઓ અને ત્રણ ટૂંકી વાર્તાઓ લઈને આવ્યા છે, તેની વાત આજે કરવી છે.

‘સંશય’ નામે રેશનલ કવિતા-વાર્તાસંચયમાં કવિએ પોતાના અત્યાર સુધી પ્રગટ થયેલા કાવ્યસંગ્રહોમાંથી પસંદ કરીને ૪૦ કાવ્યો અને ત્રણ રેશનલ વાર્તાઓ તરીકે વર્ગીકૃત કરી સંકલિત કરી છે, જેની પ્રસ્તાવના હરિશ મંગલમે લખી છે. તેમના મત અનુસાર રેશનલો અર્થ થાય છે ‘તર્કસંગત’, યુક્તિમુલક, ન્યાયનું રૂપ અને વૈજ્ઞાનિક બાબત. આ અંગે ડૉ. અબ્રાહમે પણ કહ્યું છે કે ‘શારીરિક, માનસિક કસરત બાદ કરતાં યોગ, ધતિંગ, ધ્યાન, ભ્રમ, પુનઃ જન્મના વાહિયાત વાયદા, ફળ જ્યોતિષ છેતરપિંડી અને ચમત્કારો પેદા થાય છે. જે પોતાના ચમત્કારો ચકાસવા દેતા નથી તે ઠગ, બદમાશ છે. જેનામાં ચમત્કાર ચકાસવાની હિંમત નથી એ ભોટ, ડરપોક છે. જે ચકાસણી વગર તેને માનવા તૈયાર થાય છે તે મૂર્ખ છે. દુનિયામાં અલૌકિક શક્તિ ધરાવતી એકપણ વ્યક્તિ હોત તો હું ભિખારી થઈ ગયો હોત કારણ કે બનાવટ વિનાની પરિસ્થિતિમાં અલૌકિક શક્તિ દર્શાવનારને એક લાખ રૂપિયા ઈનામ આપવાનું જાહેર કર્યું હતું, પરંતુ મેં એકપણ પૈસો ગુમાવ્યો નથી.’ એ વાત પણ અહીં સ્પષ્ટ છે કે અંધશ્રદ્ધામાંથી મુક્તિ મેળવીએ તો સ્વાશ્રયી, સ્વાવલંબી, સન્માનપૂર્વકનું શોષણવિહીન જીવન પ્રાપ્ત થશે. અનીશ્વરવાદ અને અનાત્મવાદનો સ્વીકાર કરીશું તો જીવનની મોટાભાગની વિટંબણાઓ દૂર થશે. સંગ્રહની મોટાભાગની રચનાઓ ‘સંશય’ પર રચાઈ છે. સમગ્ર સૃષ્ટિનું બારીક નિરીક્ષણ કરીએ તો અણઉકલ્યા ઘણા પ્રશ્નો સામે આવે છે.

‘સંશય’નું સત્ય શોધવાનો પ્રયાસ કરતાં કલ્પેશ પટેલે પુસ્તકના છેલ્લા પૃષ્ઠ પર આ અંગે ધ્યાન ખેંચતી કેટલીક મહત્ત્વની બાબતોને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. તેમના મતે કવિ અહીં પ્રતિબદ્ધ હોવાથી શબ્દની કળા કરતાંય વધુ શબ્દની એક અસ્ત્ર તરીકેની શક્તિનો ઉપયોગ કરે છે. સાવ સાદી અને સરળ ભાષામાં પણ કવિતામાં અસરકારક રીતે પ્રયોજાઈને શસ્ત્ર જેવી અસર નીપજાવે છે. સર્જકે પોતાના સર્જનને રેશનલ ગણાવ્યું છે અને એમાં તથ્ય પણ છે. કવિ, લેખક પાસે વિશાળ વાચન અને ગહન ચિંતન અપેક્ષિત છે, જે આ સર્જક પાસે છે.

અહીં આપવામાં આવેલી ત્રણ વાર્તાઓ પૈકી પ્રથમ વાર્તા ‘સંશયાત્મા’, જેમાં ચાર્વાક એક પાત્ર તરીકે છે. બીજી ‘સત્યની શોધ’ પૌરાણિક કથાવસ્તુ લઈ ચાર્વાક વિચારધારાનું દર્શન વાર્તાની શરતે વાચકને કરાવે છે. જ્યારે ત્રીજી વાર્તા ‘નાસ્તિક વેનરાજા’ હરમાન હોરસની અંગ્રેજી નવલકથા ‘સિધ્ધાર્થ’ સુખ્યાત છે. જેના પરથી અંગ્રેજી ફિલ્મ પણ બની છે. ડૉ. રવીન્દ્ર ઠાકોરે એનો ગુજરાતી અનુવાદ ‘સિધ્ધાર્થ’ નામે કર્યો છે. તેના વિષયવસ્તુને રેશનલ સ્પર્શ આપીને લેખકે અહીં ‘રેશનાલિઝમ’ને ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે. આ વાર્તાઓની પ્રમાણભૂતતા પ્રસ્થાપિત કરવા લેખકે દરેક વાર્તાને અંતે સંદર્ભ ગ્રંથોની સૂચિ પણ આપી છે. તેના ઉપરથી એમ કહી શકાય કે એક ચિંતક અને વિચારક તરીકે પ્રવીણ ગઢવી ચાર્વાક-બુદ્ધ, માર્ક્સ અને આંબેડકર તેમજ કેટલેક અંશે ગાંધીને માને છે.

આ પુસ્તક ગાંધીનગર રેશનલ સમાજના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીને લેખકે અર્પણ કરવાની સાથે આ વિચારને પુષ્ટી આપે તેવી નિરંજન ભગત અને કબીરની પંક્તિઓ પણ મૂકી આપી છે ત્યારે કલ્પેશ પટેલ કહે છે તેમ આ નાનકડું પુસ્તક ખુલ્લા મનના વાચકને પ્રસન્ન કરશે અને બધ્ધ મનના વાચકને ખુલ્લા મનના થવા પ્રેરશે એમ અવશ્ય કહી શકાય. તેથી પુસ્તકને આવકારું છું અને લેખકને અભિનંદું છું.

‘સંશય’ (રેશનલ કવિતા-વાર્તા સંચય)
લેખક : પ્રવીણ ગઢવી
પ્રકાશક : ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮
કિંમત : રૂા. ૧૨૦/-

## અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા

# વિદ્યાર્થી પુરસ્કાર અને સ્નેહમિલન સમારોહ





ગાંધીનગર, તા. ૨૯

અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં વિદ્યાર્થી પુરસ્કાર સમારોહ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કડવા પટેલ સમાજના ઉમિયા માતાજી સંસ્થાન ખાતે આયોજિત આ કાર્યક્રમની શરૂઆતમાં ભારત સરકારના રાજ્યકક્ષાની કૃષિમંત્રી, ટ્રસ્ટના ચેરમેન અને સમારંભના અધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા, ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, નિવૃત્ત ચીફ એન્જિનીયર ભાલાલા, સાહિત્યકાર દોલત ભટ્ટ, ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ઉમેશભાઈ વ્યાસ, જે એસ વાળા, બાવકુભાઈ વાળાએ દીપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કુ. અંશી પ્રજાપતિએ ગણેશ સ્તુતિ નાટ્યગીત રજૂ કરી સૌને ભક્તિમાં તરબોળ કરી દીધા હતા.

ઉમેશભાઈ વ્યાસે સ્વાગત પ્રવચન કરતાં સૌને આવકાર્યા અને ઈસ ૨૦૦૧માં શરૂ થયેલ અને ૨૦૦૬માં રજિસ્ટર્ડ થયેલ અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિની જાણકારી આપી હતી. અને ટ્રસ્ટની રચના પાછળનો મુખ્ય હેતુ ગાંધીનગર ખાતે અમરેલી ભવન બાંધવાનો હતો તે વાતની સ્મૃતિ અપાવી આ માટે સૌને કામે લાગી જવા અને પોતાનો સહયોગ આપવા અપીલ કરી હતી.

દિલીપભાઈ સંઘાણીએ પોતાના વક્તવ્યમાં ઉમેશભાઈની વાતને સમર્થન આપ્યું હતું.

મનજીભાઈ વિરાણી તથા ટ્રસ્ટના સહમંત્રી જે એસ વાળાએ નિવૃત્ત થતા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ઉમેશભાઈ વ્યાસની કામગીરીને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે ઉમેશભાઈએ આ ટ્રસ્ટની સ્થાપના કરી છે અને તેમની મહેનતના કારણે ટ્રસ્ટ ઘણો વિકાસ કરી શક્યું છે. ઉમેશભાઈ સ્થાપક પ્રમુખ તરીકે આજીવન આમંત્રિત ટ્રસ્ટી તરીકે ટ્રસ્ટમાં ચાલુ રહેશે એવી જાહેરાત પણ તેમણે કરી હતી. ટ્રસ્ટના ચેરમેન પુરુષોત્તમ રૂપાલાએ પોતાના વક્તવ્યમાં ટ્રસ્ટની કામગીરી અને આ સમારોહના આયોજનને બિરદાવતાં સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે ઉમેશભાઈની સેવાઓને પણ બિરદાવી હતી ને તેમને સ્વસ્થ દીર્ઘાયુ માટે શુભકામનાઓ પાઠવી હતી. નવા મેનેજિંગ ટ્રસ્ટી તરીકે તેમણે રાજેન્દ્રભાઈ રાવળના નામની જાહેરાત કરી હતી. ઉમેશભાઈને શાલ ઓઢાડી તેમણે સન્માનિત કર્યા હતા.

સમારોહ અંતર્ગત પરિવારના સભ્યોના ધોરણ-૧થી ૧૨માં અભ્યાસ કરી ઉત્તીર્ણ થયેલા ૩૫ જેટલા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં યોજાયેલી ગરબા સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારાં બહેનોને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા યજ્ઞ અને ધ્યાનીને રોકડ ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. ઉમેશભાઈએ આભારદર્શન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા જે એસ વાળા, પ્રદીપભાઈ ત્રિવેદી, ધીરૂભાઈ પટેલ, બાવકુભાઈ વાળા, મનજીભાઈ વિરાણી, પ્રફુલભાઈ ત્રિવેદી, ભાસ્કરભાઈ વ્યાસ, રામજીભાઈ સોરઠીયા, સામતભાઈ સોરઠીયા, દીનેશભાઈ, હરીકૃષ્ણભાઈ સુથાર, હરેશભાઈ મહેતા, સામતભાઈ વાળા, છત્રસિંહ ચૌહાણ, જે એમ દવે, રજનીભાઈ વૈષ્ણવ, બોરીસાગરભાઈ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ

# માઉન્ટ આબુ ખાતે એડવેન્ચર કેમ્પમાં જોડાયા



ગાંધીનગર, તા. ૨૯

એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધોરણ-૬થી૮ના ૨૦ વિદ્યાર્થીઓ માઉન્ટ આબુ ખાતે ટ્રેકિંગમાં જોડાયા હતા. વિદ્યાર્થીઓ સાથે શાળાના શિક્ષક આશિષભાઈ અને નિમિષાબેન પણ જોડાયા હતા. આ ટ્રેકિંગ દરમ્યાન રોક કલાઈમ્બિગ તેમજ ઝીપ લાઈનની મજા વિદ્યાર્થીઓએ માણી હતી અને રાત્રે કેમ્પ ફાયરનો આનંદ લીધો હતો. માઉન્ટ આબુનાં જોવાલાયક સ્થળોની પણ મુલાકાત પણ આ જૂથ દ્વારા લેવામાં આવી હતી.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ આણંદમાં ઔદ્યોગિક મુલાકાતે



ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)ના ૧૭૮ વિદ્યાર્થીઓએ ત્રણ દિવસ અલગ અલગ બેચ મુજબ આણંદની પ્રતિષ્ઠિત આર્કોગુલ કંપનીની મુલાકાત લીધી હતી.

કંપનીની સ્થાપના ૧૯૬૯ માં રવજીભાઈ નામના શ્રેષ્ઠી દ્વારા સહકારી મંડળીના સ્વરૂપમાં કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૯૯૨ માં સહકારી મંડળી માંથી લીમીટેડ કંપનીમાં ફેરવવામાં આવી હતી. કંપની ફર્ટીલાઈઝરનું ઉત્પાદન તેમજ વિતરણ કરે છે અને ખાદ્યતેલના પેકેજીંગનું કાર્ય કરે છે.

કંપનીની તમામ માહિતી વિદ્યાર્થીઓ ને હર્ષદભાઈ પટેલ અને અંકીતભાઈ દ્વારા આપવા માં આવી હતી. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓની ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટીનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. પ્રીતેશ સોલંકી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



હિતેશકુમાર ફુવરજી પટેલ
મો. ૯૩૭૪૦ ૦૫૫૨૭



કૌશિક જયદેવભાઈ ભટ્ટ



દિશાન્ત સોની
મો. ૯૪૦૮૮ ૬૩૭૩૭

## ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનના સહયોગથી અમદાવાદમાં

# સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા અન્ડર-૧૭ ચેસ ટુર્નામેન્ટ યોજાઈ



ગાંધીનગર, તા. ૨૯


સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ગુજરાત ચેસ એસોસિએશનના સહયોગથી સ્પોર્ટ્સ હોસ્ટેલ, નરોડા, અમદાવાદ ખાતે ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી અન્ડર-૧૭ કેટગરીમાં ૭૬ જેટલા છોકરાઓ અને ૭૬ જેટલી છોકરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બોય્ઝમાં નૈતિક મહેતા, જોય શાહ, પ્રિત શેઠ, પ્રિન્સ ઉપાધ્યાય, હિરાક મોદી અને ગર્લ્સમાં નિત્યા લહેરી, શ્રીતુ નંદી, વિદવેત્તા મહેતા, ટીશા પંચાલ અને તિનાઝ મિસ્ત્રી વિજેતા બન્યાં હતાં. ઈનામ વિતરણ સમારોહમાં એસા.ના સેક્રેટરી ભાવેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૪૦મો મણકો ॥

ગાંધીજીએ ૬ઠ્ઠી એપ્રિલે મીઠું પકવ્યું પણ તેમની ધરપકડ સરકારે ન કરી. તેમને એમ હતું કે કૂચ ચાલુ થતાં પહેલાં ધરપકડ થશે અથવા કૂચ પછી થશે કે કાયદાનો ભંગ કરતી વેળાએ થશે. પણ તેમની ત્રણેય ગણતરી ખોટી પડી. તેમની ધરપકડ થઈ મીઠાના કાયદાનો ભંગ કર્યા પછી બરાબર એક મહિને - ૬ઠ્ઠી મેની રાત્રે.



મધ્યરાત્રીએ પોલીસોએ મધ્યરાત્રીએ ઊંઘતા લોકોના મોઢા પર ટૉર્ચનો પ્રકાશ નાખી તેમને ઊઠાડ્યા હતા. કૃષ્ણલાલ શ્રીધરાણીએ નોંધ્યું છે કે ‘અસભ્ય લોકો અડધી રાત્રે ટૉર્ચનો પ્રકાશ મોઢા પર નાખી ગાંધીજીને જગાડી રહ્યા હતા.’ ઈંગ્લેન્ડમાં સભ્યતાના પાઠ શીખેલા માણસ માટે તો આ અસભ્યતા જ હતી ! ઊઠાડીને પાછું તેમને ઓળખતા ના હોય તેમ તેમને પૂછવામાં આવ્યું, ‘તમારું નામ ગાંધી ?’ ધરપકડનું સાંભળી ગાંધીજીએ પૂછ્યું, ‘હું દાતણ તો કરી લઉં ને ?’ ‘હા પણ જલદી કરજો.’ વિરોધનો વંટોળ ન ઊઠે તેથી ગાંધીજીની ધરપકડ મધ્યરાત્રીએ જ કરવાનું નક્કી થયું હતું અને પેશાવરથી મુંબઈ જતી ફ્રંટિયર મેલ જે સુરતથી ઉપડીને મુંબઈ જ ઊભી રહેતી હતી તેને નવસારી ફાટક પાસે ઊભી રાખી તેમાં ગાંધીજીને લઈ જવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ માટે ટ્રેનમાં છેલ્લે એક ડબ્બો પણ જોડવામાં આવ્યો હતો. અને ૬૨ વર્ષના આ ડોસાને પકડવા માટે માત્ર ૨૦૦ પૉલીસો આવ્યા હતા !




ગાંધીજી દાતણ કરતાં જાય ને સાથે સૂચના આપતાં જાય, ‘વાલજી, મારો પેલો લેખ તૈયાર છે ને, તે નવજીવનના આગલા અંકમાં આપવાનો છે....’ ‘કાંતિ મારા સામાનમાં રેંટિયો મૂકવાનું ન ભૂલતો....’

કરાડીમતવડ ગામ હતું એ ને લોકોને જાણ થઈ ગઈ કે ગાંધીજીને પકડવા પોલીસ આવી છે. તેથી લોકો ત્યાં એકઠા થઈ ગયા. આમેય ભીતિ તો હતી જ ધરપકડની, તેથી સૌ સાબદા જ હતા. પણ સૌને પોલીસે કોર્ડન કરી રાખ્યા. જે બહેનો ગાંધીજીનાં દર્શન માટે આવી હતી, તેમનેય કૉર્ડન કરીને રાખવામાં આવી હતી. આ જ વખતે લોકજીભેથી નીકળી ગયું, ‘દાતણ કરતાં જાઓ ગાંધીજી, સવરાજ લઈને વહેલાં આવજો રે....’

ગાંધીજી યરવડા જૅલમાં ગયા.

માત્ર ગાંધીજી જ નહીં, સ્વરાજ માટેનું મીઠું ચાખનારા ૬૦ હજાર લોકો એ વખતે જૅલમાં ગયા હતા.

નોંધનીય છે કે, ૧૯૨૦ના અસહકાર આંદોલનમાં શિષ્ટ સમાજ, બંગાળીમાં જેને ભદ્ર સમાજ કહે છે તે ભદ્ર સમાજના લોકો પહેલીવાર જૅલમાં ગયા હતા અને ૧૯૩૦-૩૨ના આ આંદોલનમાં ભારતની મહિલાઓ મોટા પ્રમાણમાં જૅલમાં ગઈ હતી.

મહિલા શિક્ષણના ઋષિ ગણાતા મહર્ષિ કર્વેએ કહ્યું છે : ‘મારા અને મારા સાથીઓના ત્રણ દાયકાના મારા પ્રયત્નો પછીય મહિલાઓમાં જે જાગૃતિ નહોતી આવી તે સાબરમતીના આ જાદુગરે કરેલી એક કૂચથી આવી.’

આ સત્યાગ્રહ હતો અને સત્યાગ્રહના સાધકોને કિંમતો પણ કેવી ચૂકવવી પડતી ! આશ્રમમાં રહેનારાં ગંગાબેન નામના એક વયસ્ક મહિલા હતાં. તેઓ અંગ્રેજ પોલીસની લાકડીથી ઘવાયા હતા. તેમણે ગાંધીજીને આ બાબતની જાણ કરતો પત્ર લખ્યો, તો ગાંધીજીએ જવાબ આપ્યો : ‘ગંગાબેન, તમે આશ્રમનું નામ શોભાવ્યું. તમારી પાસે આ જ અપેક્ષા હતી. પણ તમને લાઠી વાગી એના કરતાં ગોળી વાગી હોત તો હું નાચત !’

અન્ય એક સાથી જયરામ દૉલતરામને સાથળમાં ગોળી વાગી હતી, તેમને લખ્યું ‘ગોળી તમને ત્રણ ફૂટ ઉપર (હૃદય પર !) વાગવી જોઈતી હતી.’

લોકોમાં ઉત્સાહ હતો, એવો ઉત્સાહ કે જેના કારણે લોકો ગોળી ખાવાય તૈયાર થઈ જતા !

વાયવ્યપ્રદેશમાં જ્યાં શસ્ત્રબંધી નહોતી ત્યાં પેશાવરમાં દારૂના પાંચેક પીઠા હતા. ત્યાં સુધી શાંત કૂચ કરીને જવાનું હતું. આ આંદોલનને કડક હાથે ડામી દેવામાં આવ્યું. પોલીસે ગોળીબાર કરીને સત્યાગ્રહીઓને ઢાળી દીધા. એટલી બધી લાશો ઢળી કે કેટલા લોકો મર્યા તેનો આંકડો જ ન મળી શક્યો. પણ સમાચાર એવા મળ્યા કે મિલીટરીની બે વાન આવીને લાશોને જંગલમાં લઈ ગઈ અને પેટ્રોલ છાંટીને બાળી. જે લોકો મર્યા તેમાં ૯૫ ટકા મુસ્લિમો હતા, પઠાણો હતા ! જે લાશો શહેરમાં બચી હતી તેની સંખ્યા ૬૫ની હતી એવું તપાસમાં બહાર આવ્યું. અને સાથે સાથે એ પણ કે એ બધીય લાશોમાં એક બાબત સામાન્ય હતી અને તે એ કે તે સૌએ સામી છાતીએ ગોળી ખાધી હતી. કોઈનેય પીઠમાં ગોળી વાગી હોય એવું બન્યું નહોતું ! એ જ રીતે ભારતની મહિલાઓએ પણ બરાબર રીતે અહિંસક આંદોલનમાં ભાગ લીધો હતો. જે પરાક્રમો ભારતની નારીઓએ દાખવ્યાં તેના અનેક દાખલા છે, પ્રાંતેપ્રાંતના દાખલા છે. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક ‘ગાંધીકથા’
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ